**આકાશવાણી, ભુજ**

**સમાચાર વાચક : જાગૃતિ વકીલ**

**કોમ્પ્યુટરરાઈઝડ : આશિષ શાહ**

**તારીખ : ૨૩–૦૯–૨૦૨૨ સમય : સાંજે ૬.૨૫**

---

## પ્રધાનમંત્રી – રાષ્ટ્રીય પરિષદ : વરચ્યુઅલી સંબોધન :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહયું કે નૂતન ભારત ટકાઉ વિકાસલક્ષી બાબતોમાં અગ્રણી તરીકે ઉભરી રહયું છે. આંતરરાષ્ટ્રીય સૌરમંડળથી માંડીને જીવન ધોરણ સુધી, તમામ બાબતોમાં ભારતનં નેતૃત્વ રહયું છે. વીડીયો કોન્ફરન્સીંગ દવારા રાજયોના પર્યાવરણ મંત્રીઓની, બે દિવસીય પરિષદને સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સંબોધતા શ્રી મોદીએ કહયું કે ભારત નવા અભિગમ અને નવી વિચારસરણી સાથે આગળ વધી રહયું છે. ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બનીને ભારત પર્યાવરણીય રીતે મજબૂત બની રહયું છે.

પ્રધાનમંત્રી ૨૦૭૦ સુધીમાં શૂન્ય ઉત્સર્જનના લક્ષ્યને હાંસલ કરવા માટે રાજયોની સાથે મળીને કામ કરવા વિનંતી કરી હતી.

તેમણે પરિષદમાં ઉપસ્થિત તમામ રાજયોને પર્યાવરણ સંરક્ષણમાં શ્રેષ્ઠ પ્રયાસો શીખવા અને સમગ્ર ભારતમાં સફળ ઉકેલો લાગુ કરવા વિનંતી કરી.

જાગૃતિ વકીલ

---

## સીએમ : પોલીસ ચંદ્રક અલંકરણ સમારોહ :

**ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી ની ઉપસ્થિતિમાં આજરોજ અમદાવાદ ખાતે વર્ષ ૨૦૨૨ના પોલીસ ચંદ્રક અલંકરણ સમારોહનું આયોજન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયું જેમાં કુલ ૯૯ પોલીસ અધિકારીઓને સન્માનિત કરવામાં આવ્યા.**

**આ પૈકી ૯૯ પૈકી ૧૦ પોલીસ અધિકારીને વિશિષ્ટ સેવા મેડલ અને ૮૯ અધિકારીઓને પ્રશંસનીય સેવા મેડલ એનાયત કરવામાં આવ્યા છે. મેડલ મેળવનાર અધિકારી ૫ આઈ પી એસ અને ૧ ડીવાયએસપીનો સમાવેશ થાય છે.**

**જાગૃતિ વકીલ**

---

## ભુજ : નહેરૂ યુવા કેન્દ્ર મેઘા યુવા મહોત્સવ :

ભારત સરકારના યુવા બાબતો અને રમત -ગમત મંત્રાલય અંતર્ગત કચ્છ નેહરુ યુવા કેન્દ્ર અને અદાણી સ્કિલ ફાઉન્ડશેન ભુજના સંયુક્ત ઉપક્રમે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત તા. ૨૪ સપ્ટેમ્બરથી 15થી 28 વયના ભાઈઓ બહેનોનો એક મેગા યુવા મહોત્સવ યોજાશે . **વિવિધ** સ્પર્ધાઓમાં 300 સ્પર્ધકો ભાગ લેશે. જિલ્લા યુવા અધિકારી રચના વર્માએ **આ મુજબ** જણાવ્યું હતું.

બાઈટ : રચના વર્મા

**જાગૃતિ વકીલ**

---

## ભુજ : ભુલકાં મેળો :

આજ રોજ સંકલિત બાળ વિકાસ યોજના -આઈ.સી.ડી.એસ અંતર્ગત પા પા પગલી યોજના હેઠળ જીલ્લા કક્ષાના ભૂલકાં મેળાનું આયોજન જીલ્લા પંચાયત પ્રમુખશ્રી પારૂલબેન કારાના અધ્યક્ષ સ્થાને તથા ચેરમેનશ્રી , મહિલા અને બાળ વિકાસ યુવા પ્રવૃત્તિ સમિતિ મહિલા અને બાળ વિકાસ યુવા પ્રવૃત્તિ સમિતિના સભ્યો શ્રીમતી ગંગાબેન સેંઘાણી તથા કુંવરબેન મહેશ્વરીની પ્રેરક ઉપસ્થિતિમાં રાજગોર સમાજવાડી આર.ટી.ઓ ભુજ ખાતે કરવામાં આવ્યું હતું .

જીલ્લા તથા ઘટક કક્ષાના પા પા પગલીના સ્ટાફ દ્વારા વેસ્ટ માંથી બેસ્ટ વસ્તુ બનાવી તેની પ્રદર્શનીનું આયોજન કરવામાં આ વ્યું હતું. બાળકોને વિવિધ જાતની રચનાત્મક અને સર્જનાત્મક પ્રવૃ ત્તિઓ **કરવામાં આવી હતી.**

જીલ્લા પંચાયત પ્રમુખશ્રી પારૂલબેન કારા  તેમજ  આઈસીડીએસના જિલ્લા પ્રોગ્રામ ઓફિસરશ્રી ઇરાબેને બાળકો સાથે બાળસંવાદ કર્યો હતો .

તમામ ભૂલકાઓ દ્વારા ગરબીઓ શણગારવામાં આવી  હતી જે ભૂલકા મેળાનું આકર્ષણનું કેન્દ્ર રહ્યુ હતું. તમામ બાળકોને ઇનામ રૂપે લં ચબોક્સ આપવામાં આવ્યા હતા તથા પુરકપોષણ મળી રહે તે હેતુથી ચીકી પણ આપવામાં આવી હતી. **એમ જિલ્લા પ્રોગામ ઓફીસરનો યાદીમાં જણાવાયું છે.**

**જાગૃતિ વકીલ**

——————————————————————————————————————

## નવરાત્રી : મઢનો રસ્તો એકમાર્ગી / હંગામી બસ ડેપો :

દેશદેવી  આશાપુરામાંના સ્થાનક માતાના મઢ ખાતે નવરાત્રિ પૂર્વે જ ભક્તોનું ઘોડાપૂર ઉમટી રહ્યુ છે.

**દર વર્ષની જેમ આ વર્ષે પણ ભુજ એસ ટી વિભાગ દવારા માઈ ભકતો માટે ૧૮૦ જેટલી વધારા ની બસ દોડાવવામાં આવશે. જેમાંથી હાલ ૨૦ જેટલી બસો સવાર એસ ટી વિભાગ દવારા માતાના મઢ ખાતે હંગામી બસ ડેપો શરૂ દેવાયો છે. ધારેધીરે  બસોની સંખ્યામાં વધારો કરવામાં આવશે. તારીખ ૩ ઓકટોબર સધી બસ સંચાલન કરાશે.**

**જાગૃતિ વકીલ**

——————————————————————————————————————

## પીએમ : મન કી બાત :

**પ્રધાનમંત્રી નરેન્દ  મોદી આ રવિવારે  સવારે ૧૧ વાગ્યે ઓલ  ઈન્ડિયા રેડીયો પર મન કા બાત કાર્યકમમાં દેશ – વિદશના લોકો સાથે તેમના વિચારો રજૂ કરશે. તે માસિક રેડીયો કાર્યક્રમનો ૯૩ મો એપિસોડ હશે.**

**જાગૃતિ વકીલ**

——————————————————————————————————————